# જેહાદની ચાલીસ હિકમતો

લેખક

અલ્લામા
નસીરૂદ્દીન "નસીર"
હુંઝાઇ

# જેહાદની ચાલીસ હિકમતો

લેખક

અલ્લામા નસીરૂદ્દીન "નસીર" હુંઝાઈ

અનુવાદક

અકબર હબીબ રાજન

પ્રકાશક

ખાનાએ હિકમત–ઈદારાએ આરીફ

3–A, નૂર વીલા, ૨૬૯, ગાર્ડન વેસ્ટ,

કરાચી–૩.

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

# જેહાદની ૪૦ હિકમતો

## અનુક્રમણિકા


| | |
|---|---|
| (૧) રાજદ્વારી અને અકલની લડાઈ | 12 |
| (૨) આંતરરાષ્ટ્રીય મુસલમાનોનું સંગઠન | 12 |
| (૩) લડતા મુજાહિદો ઉપર રૂહાનીયત | 12 |
| (૪) સૌથી શ્રેષ્ઠત્તમ મોત | 13 |
| (૫) અલ્લાહવાળા | 13 |
| (૬) નાની જમાત | 13 |
| (૭) સૌથી નાનું હથિયાર-ગોફણ | 13 |
| (૮) જેહાદમાં તકવા અને સબર | 14 |
| (૯) સૂફી પ્રકારની જેહાદ | 14 |
| (૧૦) સૌથી શ્રેષ્ઠત્તમ ઝમાનો | 14 |
| (૧૧) હોશમંદ (સમજદાર) મુજાહિદ | 15 |
| (૧૨) જેહાદે અકબર | 15 |
| (૧૩) જેહાદ-ઈસ્લામનો એક મહત્ત્વનો પાયો | 16 |
| (૧૪) તલવાર અને કલમ | 16 |
| (૧૫) ખુદાનો દરેક વાયદો શરતીય છે | 16 |
| (૧૬) ઈસ્લામ એક મહાન વૃક્ષ | 17 |
| (૧૭) કુરાનના જ્ઞાનના ઈશારામાં દરેક વસ્તુનું વર્ણન | 17 |


ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

(૧૮) કુરાની ઈશારાઓનું ઘણું મોટું મહત્ત્વ 17
(૧૯) કુરાન અને કાયનાતનું તાબે કરવું 18
(૨૦) ફરીશ્તાઓની મદદની શરતો 18
(૨૧) એકઠી (ભેગા મળીને થતી) નાફરમાની 19
(૨૨) બુઝુર્ગીનું ધોરણ શું છે ? 19
(૨૩) ઈબાદતનો અભ્યાસ (પ્રેકટીસ) અને લડાઈનો અભ્યાસ 19
(૨૪) સબર અને નમાઝ 20
(૨૫) "કુદરત" ઈસ્લામનું નામ 20
(૨૬) બે ભલાઈઓમાંથી એક 20
(૨૭) સૌથી મોટી ઈબાદત 21
(૨૮) ખુદાના રંગમાં રંગીન થઈ જવું 21
(૨૯) મોમીન સીપાઈની કસરત પણ ઈબાદત છે 22
(૩૦) ભય કઈ રૂહમાં છે ? 22
(૩૧) નકામો ભય અને ખુદાનો ભય 23
(૩૨) ઈલાજના ત્રણ પુસ્તકોનો અભ્યાસ 24
(૩૩) કુરાની હિકમતનો અભ્યાસ 24
(૩૪) દર્દ અને ગમ કઈ રૂહાની ખાસીયત છે ? 24
(૩૫) ફના ના ત્રણ મરતબાઓ 25
(૩૬) ફના અને નવાફીલની હદીસે કુદસી 25
(૩૭) બહેશ્તમાં શહીદની એક તમન્ના 26
(૩૮) શહીદ રૂહાની રીતે નથી મરતો 26
(૩૯) એકને જીવતો કર્યો તો જાણે સઘળાને જીવતા કર્યા 26
(૪૦) ઈસ્લામી લશ્કરના માટે દુઆ 27

□ □ □

# વાતચીતનો આરંભ

(૧) બિસ્મીલ્લાહ હિર્રેહમાનીર્રેહીમ. આ એક અતીશય આકર્ષક સચ્ચાઇ છે કે ખુદાવન્દે આલમીનની તૌફિક એટલે કે સદ્‌બુદ્ધિ અને મદદ વગર મોમીન બંદાનું કોઇ પણ નેક કાર્ય ન તો આરંભ પામી શકે છે અને ન તો આગળ વધીને પરીપૂર્ણ થઇ શકે છે. અલ્લાહ તબારક વ તઆલાની આ હિકમતમાં કેટલો મહાન ભેદ છૂપાયેલો છે કે તે અલીમો, હકીમ ઇમાનવાળાઓને, તેઓ સદાય પોતાના હુઝુરપૂર નૂરના તરફ ધ્યાન આપે એમ ઇચ્છે, કે જેથી તેઓ લા હૌલ વલા કુવ્વત ઇલ્લા બિલ્લા હિલ અલીય્યીલ અઝીમ"ના મુજબ દરેક વેળાએ આસમાની (સ્વર્ગીય) મદદના તલબગાર એટલે કે માંગનારા કે ઇચ્છા કરનારા રહે.

(૨) એ સઘળા નેક લોકો અને સમગ્ર મિત્રો કે જેઓ ઇલ્મ-જ્ઞાન અને અન્ય નેક કાર્યોમાં પ્રગતી ઇચ્છે છે તે સઘળાઓને મારી પ્રમાણિક સલાહ છે કે તેઓ ઇસ્લામી ઇબાદતો અને ઝીકરથી કયારેય ગાફેલ ન થઇ જાય. ઇબાદત, નમાઝ, જે કંઇ ફર્ઝ છે, તે તો ફર્ઝ છે જ, જો કોઇ મોમનને સીરાતે મુસ્તકીમ ઉપર રૂહાની પ્રગતી કરવી છે અને કુરાન તથા ઇસ્લામના નૂર અને તેના રૂહાની તથા અકલાની એટલે કે અકલ સાથે સંબંધિત ચમત્કારોને નિહાળવા છે, તો પછી નવાફીલ એટલે કે વધારાની ઇબાદતનો સહારો લેવો પડશે. નવાફીલના વિષે આ હદીસે કુદસી છે :

(તરજૂમો) : "અને મારો બંદો હંમેશા નવાફીલના મારફત મારાથી નજદીકી પ્રાપ્ત કરે છે, એટલે સુધી કે હું તેનાથી પ્રેમ કરવા

લાગું છું અને જ્યારે હું તેનાથી પ્રેમ કરૂં છું ત્યારે હું તેના કાન થઈ જાઉં છું કે જેના વડે તે સાંભળે છે, અને તેની આંખો બની જાઉં છું કે જેના વડે તે જુએ છે, અને તેના હાથ થઈ જાઉં છું કે જે વડે તે પકડે છે, અને તેના પગ થઈ જાઉં છું કે જેના વડે તે ચાલે છે."

(૩) સુબ્હાન અલ્લાહ ! નવાફીલ એટલે કે (નફલનું બહુવચન) વધારાની ઈબાદતના ખુદાવંદી ઈનામની શાન જુઓ ! આવા સદ્‌ભાગી બંદાઓ અલ્લાહના ખાસ દોસ્ત (અલ્લાહના ઔલીયા) જ હોઈ શકે છે. અહીં એ તો જાણ થઈ કે જો ખુદા કોઈના બાતિનમાં નૂર થઈ જાય અને એ જ નૂરના મારફત સાંભળવા, જોવા, પકડવા અને ચાલવામાં આવે તો પછી ઈલ્મ અને મારફતના મામલામાં કોઈ વસ્તુ અશકય નથી. આ હદીસે કુદસી ફનાફિલ્લાહ અને બકાબિલ્લાહની સૌથી ઉત્તમ સ્પષ્ટ સાબિતી છે અને બકાબિલ્લાહ અથવા કન્ઝેમખ્ફી એટલે કે છૂપા ખજાનાનું પ્રાપ્ત થવું એક જ વાત છે, જે ઈલ્મ અને મારફતના રહસ્યોથી ભરેલી છે.

(૪) હું સામાન્ય રીતે સઘળાઓને અને ખાસ કરીને ઈલ્મ દોસ્ત લોકોને મજકૂર હદીસે કુદસીમાં ધ્યાન ધરવાની, તે ઉપર ઊંડો વિચાર કરવાની આગ્રહભરી દાવત દઉં છું, કેમકે આ એક માત્ર હદીસ કુરાનની કેટકેટલી આયતોની તફસીર અને ખુલાસા ઉપરાંત એવા ઘણાય સવાલોના માટે સ્પષ્ટ જવાબ પણ છે કે જે ઘણા જ મુશ્કેલ હોય, આનું સૌથી મોટું કારણ, સ્પષ્ટ છે કે ખુદાનું પવીત્ર નૂર જે પરીપૂર્ણ વ્યક્તિત્ત્વમાં જાહેર થાય, તેમાં ઈલ્મો હિકમતની સઘળી કાયનાત કેન્દ્રસ્થાન ઉપર થઈ જાય છે, અને આ હદીસનો

વિષય બસ એ જ છે.

(૫) "જેહાદ (ધર્મયુદ્ધ)ની ૪૦ હિકમતો"ના આ લેખને લખીને મને અને મારાં પ્રીય સાથીઓને જબરદસ્ત ખુશી પ્રાપ્ત થઇ હતી. આ ખુશીમાં કેટલાંય કારણો છે અને હવે તેથી વધીને આનંદ એ છે કે અમો તેને અલગ પણ પ્રગટ કરી રહ્યા છીએ કે જેથી (ઇન્શાઅલ્લાહ) આ અમારાં સઘળાં પ્રીય સાથીઓને મળી શકે કેમકે આ લેખ ઘણો જ જરૂરી છે અને વળી અનંત ખુશીઓનું તોફાન એ મહાન ન્યામતના કારણે છે કે આ મનગમતા અને ફાયદામંદ લેખનું અંગ્રેજીમાં ખૂબજ ઉમદા ભાષાંતર થઇ ચુકયું છે. અને આ મહાન ઉપકાર ભાઇ ગુલામ અબ્બાસ હુંઝાઇએ કર્યો છે. પ્રીય અને માનનીય અબ્બાસ સાહેબની અતી ઘણી ખૂબીઓમાંથી એક ખૂબી એ છે કે એમના ભાષણો મોટા મોટા શ્રોતા વર્ગમાં (જલ્સાઓમાં) તેમને આનંદિત કરી દયે છે. તેવણ સાહેબની ઊંડી દ્રષ્ટિ અને ડહાપણ-ચતુરાઇથી ન ફક્ત લોકો, પણ ઇલ્મ-જ્ઞાન વાળાઓ પણ આશ્ચર્યમાં પડી જાય છે

(૬) પાકીસ્તાન બનાવવા સંબંધે જે ઇસ્લામી આગેવાનોએ કલ્પના કે બુદ્ધિથી અને રાજદ્વારી જેહાદ કરી તેમાં આપણા ઊચ્ચ મુકામી ઇમામ હઝરત મૌલાના સુલતાન મુહમ્મદ શાહ અલૈહીસ્સલામ આગળ પડતા હતા, જેનું સ્પષ્ટ પ્રતીબિંબ હિકમત નંબર ૧માં ઝળકે છે. હવે આદર્શવંશીય ઇમામના આ હિકમતભર્યા અમલ પછી એ સવાલ દરેક ઇસ્માઇલીના માટે પોતેપોતેજ અંત પામી જાય છે કે "ઇસ્લામ અને પાકિસ્તાનના રક્ષણ કે બચાવ માટેનું યુદ્ધ જેહાદ એટલે કે ધર્મયુદ્ધ છે કે નહીં ?"

(૭) અજ્ઞાનતા અને નાદાની પણ દેશ અને કોમના એક

કોમીશત્રુ છે, માટે (ઈન્શાઅલ્લાહ) આપણે આ શત્રુની સામે પણ આપણી રીતે ખૂબ જ ઊંડાણભરી રીતે જેહાદ કરતા રહેશું. પણ કોઈ પણ મોટું જાહેરી યુદ્ધ લશ્કર વગર નથી લડાતું માટે ખુદાના ફઝલથી અમારી સાથે ન ફક્ત એક લશ્કર છે પણ તેમાં ઘણા ઓફીસરો પણ છે.

(૮) ઈસ્લામી જગતમાં સમગ્ર રીતે જે લોકો નેક, શુભેચ્છક અને દીન-ધર્મના સાચા ખાદીમ (સેવક) છે, તેઓજ આવતી કાલે કયામતના દિવસે સ્વર્ગમાં (બહેશ્તમાં) શેઠ અને રાજા-બાદશાહ હશે, કેમકે કુરાન અને ઈસ્લામની ખિદમત (સેવા) જો ખુદાવંદી ઈચ્છા મુજબ છે તો એ સઘળી સેવાઓની સરદાર અને બાદશાહ થઈ શકે છે જેનું ફળ અને જેનો બદલો ચોક્કસપણે બહેશ્તમાં મહાન સલ્તનત (સત્તા) છે (૭૬/૨૦) કેમકે દુનિયામાં આનાંથી મોટી કોઈ બંદગી અને ખિદમત નથી અને આખરતમાં આનાથી મોટો કોઈ સવાબ નથી.

(૯) જેહાદે અસગર એટલે કે નાના યુદ્ધમાં પણ અને જેહાદે અકબર એટલે કે મોટા યુદ્ધમાં પણ ઈલ્મ અને હિકમતની તરફદારી અને અજ્ઞાનતા તથા નાદાનીનો વિરોધ એ અસલ મકસદ એટલે કે હેતૂ છે તેથી અકલ અને સમજદારી તથા ઈલ્મ અને હિકમતને જેટલી મહત્ત્વતા દેવામાં આવે અને તેના જેટલાં પણ વખાણ કરવામાં આવે તેટલાં ઓછા છે.

(૧૦) શારીરિક જેહાદ, માલની જેહાદ, નફસ એટલે કે મનની જેહાદ, ઈલ્મ-જ્ઞાનની જેહાદ વિગેરે, અસલમાં એકજ મહાન પરાક્રમના વિવિધ ભાગો છે, અને તેથી દરેક ભાગ એકલો, અન્ય ભાગો વગર અપૂર્ણ-અધૂરો છે. એ જ કારણ છે કે હઝરત પયગમ્બર

સાહેબે (સ.અ.સ.) કોઇ લડાઈથી પાછા ફરતાં મોટા અસહાબો (રીઝવાનુલ્લાહ અલૈહીમ વ અજમઈન)ને ફરમાવ્યું કે "આપણે નાની લડાઈથી (ફારેગ થઈને) મોટી લડાઈની તરફ પાછા ફરી રહ્યા છીએ" (એટલે કે નફસે અમ્મારા વિરૂધ્ધ લડાઇ કરવી જેહાદે અકબર છે).

(૧૧) જે લોકો કુરાની હિકમત અને રૂહાનીયતથી જાણકાર છે, તેઓ તમોને જણાવી શકે છે કે દીને હક એટલે કે સાચા ધર્મની રક્ષા માટે અને તેની તરફદારીમાં લડવાના માટે અલ્લાહતઆલાના અસંખ્ય સુક્ષ્મ લશ્કર (સૈનિકો) પણ છે. સુક્ષ્મને ન કોઇ જોઇ શકે છે અને ન કોઇ રોકી શકે છે કેમકે તેઓ રૂહ અને ફરીશ્તા હોય છે. જેમકે ફરમાવેલું છે "વ લિલ્લાહી જુનુદુસ્સમાવાતી વલ અર્ઝે..." અને આકાશો તથા જમીનના લશ્કર ખુદાની કુદરતના કબ્જામાં છે. (૪૮/૪).

(૧૨) જો કે અલ્લાહતઆલા કાદરે મુતલક (સર્વશક્તિમાન) અને દરેક વસ્તુથી બેનીયાઝ છે એટલે કે બે પરવા છે પરંતુ તે જવ્વાદુલ કરીમે ફક્ત પોતાના બંદાઓ ઉપર મહાન ઉપકારો કરવા અને તેઓને અંતીમ દરજ્જા સુધી નવાઝવાને માટે રહેમતના અજબ અને વિચિત્ર કાયદાઓ બનાવ્યા, જે મુજબ તે પાક અને સર્વોચ્ચ ખુદા ફરમાવે છે કે "અય લોકો, જેઓ ઈમાન લાવ્યા છો, જો તમો અલ્લાહની મદદ કરશો તો તે તમારી મદદ કરશે અને તમારાં પગલાં મજબૂત જમાવી દેશે" (૪૭/૭) વળી ફરમાવે છે કે "અલ્લાહને સારો કરજો આપતા રહો" (૭૩/૨૦). પછી ફરમાવ્યું "અને અલ્લાહની રાહમાં જેહાદ કરો પોતાના માલ અને પોતાની જાનોની સાથે" (૯/૪૧). આ સઘળું ઈમાનવાળાઓની રૂહાની પ્રગતી અને બહેશ્તની સલ્તનતના માટે છે.

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

(૧૩) શારીરિક (જાની) જેહાદ અને માલી જેહાદનો ફાયદો કુરાનની એક જ આયતમાં વર્ણન કરાયેલો છે. ખુદાના આ ફરમાનનો તરજૂમો આમ છે. "નિ:સંશય ! અલ્લાહે મોમીનો (પાસે)થી તેમના પ્રાણ તથા માલ એ વાતના બદલામાં ખરીદી લીધાં છે કે તેમને જન્નત મળે. તેઓ અલ્લાહના માર્ગમાં લડે છે, જેથી તેઓ મારે છે અને માર્યા જાય છે..." (૯/૧૧૧) આ સોદો કે જે અલ્લાહ અને તેના બંદાઓ દરમ્યાન ખૂબ જ પહેલાં થઇ ચૂકયો છે તેનો સ્વીકાર જરૂરી છે–એટલો મહત્ત્વનો છે કે તેના પુન:રાવર્તનના માટે વારંવાર બૈયત લેવામાં આવે છે કેમકે બૈયતનો શબ્દ "બૈય"થી છે, જેમાં ખરીદ અને વેચાણના બંન્ને અર્થો મોજૂદ છે. માટે બૈયતના અમલમાં જાની અને માલી જેહાદ (લડાઇ)નો ભેદ છૂપાયેલો છે. તમો બૈયતે રીઝવાન (૪૮/૧૮)ના વિષે ખબર કરી શકો છો કે હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલૈહી વ આલેહી વસલ્લમે આ બૈયત કયા હેતુસર લીધી હતી ?

(૧૪) આ હાજર ઝમાનાની વાત છે. જો તમો કોઇ ઇસ્લામી લશ્કરમાં શામેલ નથી તો પછી ધંધાકીય નિપૂણતાની સાથે શારીરિક જેહાદ કરવાની આવડત નથી ધરાવતા, પણ તેથી નિરાશ ન થઇ જાઓ કેમકે માલી જેહાદ ઇલ્મી જેહાદ અને નફસાની જેહાદની સોનેરી તકો પણ તો છે.

(૧૫) માલી કુરબાનીને જેહાદનો દરજજો કેમ કરીને પ્રાપ્ત થઇ શકે છે ? આનો એક જવાબ એ છે કે માલ શરીયત પ્રમાણે વહાવવામાં આવેલ લોહી (લોહીની કિંમત–દીય્યત)ના સ્વરૂપમાં જાન એટલે કે શરીરનો ભાગ બની શકે છે. (કુરાનની સુરહ નીસાની આયત ૯૨ના હવાલાથી) અને દુન્યવી દાખલાઓમાં પણ એ જ

વાત છે કે જો હુકુમતની જવાબદારીમાં કોઇ કુટુંબનું શારીરિક નુકસાન થઇ જાય તો તેને તેના બદલારૂપે યોગ્ય રકમ દેવામાં આવે છે. આ એ હકીકતની દલીલ સાબિત થઇ કે જોકે જાહેરમાં શારીરિક કુરબાનીથી માલની કુરબાની ઓછું મૂલ્ય ધરાવે છે પણ જ્યારે ફક્ત અને ફક્ત માલની કુરબાનીનીજ સખત જરૂરત હોય તો પછી માલી જેહાદ/જાની જેહાદની જેમજ ફાયદામંદ હોઇ શકે છે. આ એક નાનકડો દાખલો છે.

(૧૬) ઈન્શાઅલ્લાહ અમો અમારાં મર્યાદિત પહોંચના વર્તુળમાં ઈલ્મી જેહાદ કરતા રહીશું, જેમાં અમારા પૂર્વે અને પશ્ચિમના સઘળાં પ્રીય વિદ્યાર્થીઓ શામેલ થશે કેમકે આ એકઠા મળીને કરાતા અમલમાં કોઈ એક કામ નથી પણ સેંકડો કામો છે, જે અમારાં ઘણા બધા સાથીઓ કરી રહ્યા છે. આ કાર્યના વર્તુળમાં અમો જેટલી પણ વ્યક્તિઓ છીએ-જેટલાં પણ છીએ-સઘળા અતી ઘણા ખુશ છીએ જેનું કારણ ખુદાવદે કુદુસની રહેમત અને સફળતા છે, જેનાથી અમો એક બીજાને અમારી જાનની જેમ વહાલા ગણીએ છીએ અને સાચા દીલથી કહીએ છીએ કે "આ પ્રગતી તમારાં પ્રયત્નોના પ્રતાપે નસીબ થઈ" અને આજ પ્રમાણે મોનોરીયાલીટી (એકહકીકત)ની વાત બને છે. અલહમ્દોલિલ્લાહી રબ્બીલ આલમીન.

—નસીરૂદ્દીન નસીર હુંઝાઈ

કરાચી : ગુરૂવાર ૨, રજબ ૧૪૧૪/૧૬ ડિસેમ્બર ૧૯૯૩

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# જેહાદ (ધર્મયુદ્ધ)ની ૪૦ હિકમતો

## બિસ્મીલ્લા હિર્રહમાનિર્રહીમ

**હિકમત ૧ :** પાકીસ્તાન બનાવવા સંબંધમાં જે રાજદ્વારી અને બુદ્ધિની (અકલી) લડાઇ લડવામાં આવી, જેવી જાની અને માલી કુરબાનીઓ રજૂ કરવામાં આવી, અને જે પ્રકારનું મહાન ધર્મયુદ્ધ કરવામાં આવ્યું તેમાં ઇસ્લામના સઘળા ચિંતકો અને આગેવાનો તથા ઉલેમાઓએ અમલી રીતે ભાગ લીધો, માટે હવે આપણા માટે એ કાર્ય જરૂરી પણ છે અને ગર્વલાયક પણ છે કે આપણે પાકીસ્તાની સૈન્યમાં જોડાઇને આપણા દેશ અને કોમની રક્ષા અને બચાવ કરીએ.

**હિકમત ૨ :** ફિર્કાવાદ અને વિખેરાઇ જવાના કડવા અનુભવો પછી હવે એકતાની (એકસંપી)ની વિશ્વના મુસલમાનોના માટે અતીશય જરૂરત અનુભવાઇ રહી છે અને આ એકતા માટેની લડત (મુવમેન્ટ) સર્વ પ્રથમ પાકીસ્તાની લડાયક દળોના થકી ઘણી હદે સફળ થઇ શકે છે, પણ તે એ શરતે કે દેશ અને કોમની મજબૂતીના માટે દરેક પ્રકારના ખોટા વિચારો-ધર્માંધપણાનો ત્યાગ કરી દેવામાં આવે.

**હિકમત ૩ :** હઝરત રસુલુલ્લાહ (સ.અ.સ.)ના અસહાબોમાંથી અમુકે લડાઇના મેદાન ઉપર રૂહાનીયતના અજબ અને હૈરત પમાડે એવા અનુભવો કર્યા હતા, અને તેમની રૂહાની પ્રગતી થઇ હતી, કેમકે એવા સંજોગોમાં ખુદાની યાદ ઘણી વધારે થવા લાગે છે, અને

મલાયકોના નાઝીલ થવાની સ્થિતિ હોય છે.

**હિકમત ૪ :** સૌથી ઉત્તમ મોત શહીદ થવું છે, જે જાહેરી પણ છે અને બાતિની પણ, અને એજ શહાદત એટલે કે શહીદ થઇ જવું અસલમાં પવીત્ર હૈયાતી કહેવાય છે. જેમકે કુરાનમાં ફરમાવેલું છે કે "અને જે લોકોને ખુદાના રસ્તામાં શહીદ કરવામાં આવ્યા છે તેઓને કયારેય મરેલાં નહીં સમજો બલ્કે તે લોકો જીવતા (જાગતા મૌજૂદ) છે, પોતાના પરવરદીગારને ત્યાંથી (તેઓ રૂહાની અને અકલી) રોજી મેળવે છે." (૩/૧૬૯).

**હિકમત ૫ :** સુરહ આલે ઈમરાનમાં આ ખુદાઈ શિક્ષણ રહેલું છે કે "અને એવા ઘણા પયગમ્બર આગળ થઇ ચુકયા છે જેમની સાથે (જેમની હિમાયતમાં) ઘણા અલ્લાહવાળાઓએ (ખુદાની રાહમાં) જેહાદ કરી, અને પછી તેઓને ખુદાની રાહમાં જે જે મુસીબતો પડી છે, તેનાથી ન તો તેઓએ હિમ્મત હારી અને ન તો કાયરતા જાહેર કરી અને ન તો (દુશ્મનોની સામે) કરગરવા લાગ્યા અને સબર કરનારાઓ (ધીરજ રાખનારાઓ)થી અલ્લાહ મહોબ્બત કરે છે" (૩/૧૪૬).

**હિકમત ૬ :** કુરાનમાં હઝરત તાલુત ના બનાવ વિષે છે કે "ઘણી વેળાએ એમ થયું છે કે ખુદાના હુકમથી નાની જમાત (નાના ટોળા) મોટી જમાત (મોટા ટોળા) ઉપર વિજય મેળવી ગયા છે અને અલ્લાહ ધીરજ રાખનારાઓની સાથે છે." (૨/૨૪૯).

**હિકમત ૭ :** અહીં ઉલ્લેખાયેલા બનાવમાં એ પણ છે કે "વ કતલ દાઉદ જલૂત..." "અને દાઊદે જાલૂતને મારી નાખ્યો" ૨/૨૫૧. કુરાને કરીમની દરેક પવીત્ર આયતોમાં ઈમાનવાળાઓના માટે ઘણી ગ્રહણ કરવા જેવી શીખામણો છે, અને આ બનાવ પ્રખ્યાત છે

કે હઝરત તાલૂતના વખતનો સૌથી મોટો કાફર જાલૂત પહેલવાન હતો, જેને હઝરત દાઊદે એ રીતે મારી નાખ્યો કે ગોફણમાં પથ્થર રાખ્યો અને રાબેતા મુજબ થોડુંક ગોળગોળ કરીને ગોફણને ફેરવી અને તેમાંનો પથ્થર જાલૂતના કપાળમાં (બંદુકની) ગોળીની જેમ લાગ્યો અને મગજના વચલા ભાગ સુધી પહોંચ્યો.

**હિકમત ૮ :** જો મુજાહિદોએ આરંભથી જ પોતાની અંદર તકવા (પરહેઝગારી) અને ધીરજ જેવા આલીશાન ગૂણો પેદા કરી લીધા છે તો ઈલાહી વાયદા મુજબ લડાઈના મેદાનમાં ફરીશ્તાઓ તેમની મદદ કરી શકે છે અને તેઓ રૂહાનીયતની રોશનીઓ અને કરામતોનો અનુભવ કરી શકે છે. કેમકે સંપૂર્ણ ઈમાન અને જેહાદની લાગણીથી રૂહાનીયતનો દરવાજો ખુલી જાય છે.

**હિકમત ૯ :** જે માણસે સુફી પ્રકારની જેહાદ કરી અને સફળ થયો તો તે ખુદાના ફઝલો કરમથી જાહેરી જેહાદના રૂહાની ભેદોના વિષયમાં વાતચિત કરી શકે છે, કેમકે બન્ને જેહાદોનું રૂહાની પરિણામ એક જેવુંજ હોય છે કે જેથી વ્યક્તિગત જગતમાં ઈલ્મ અને મારફતની દરેક વસ્તુ મોજૂદ હોય.

**હિકમત ૧૦ :** નબુવ્વતનો સમય ઈસ્લામના ઈતિહાસનો સૌથી ઉત્તમ સમય ગણવામાં આવે છે. તેમાં આજની જેમ ઈસ્લામી સૈન્યની સંસ્થા અલગ નહોતી પણ ઈમાનવાળાઓ (પુરુષ અને સ્ત્રી) સઘળા ઈસ્લામી સૈન્યના સીપાઈ હતા. આનાથી ઘણી સ્પષ્ટ હકીકતો અંતરદ્રષ્ટિ સમક્ષ આવે છે.

(અ) જેહાદ ઘણી જ મહત્ત્વની ફરજ છે, જેમાં દરેક તંદુરસ્ત મુસલમાનનું શામેલ થઈ જવું જરૂરી છે.

(બ) ખુદા અને રસુલ (સ.અ.સ.)ની સૌથી મૂળ સૂન્નત

(આદત) એ રહી છે (સિદ્ધાંત એ રહ્યો છે) કે મુસલમાનો હંમેશા એકસંપીમાં અને મળીને રહે.

(ક) પાકીસ્તાનના સૈન્ય સિવાય અહીં અન્ય મુસલમાનો, ખાસ કરીને યુવાનોને પણ લડાઈનું શિક્ષણ આપવાની સખત જરૂરત છે, કેમકે રસુલે ખુદા (સ.અ.સ.)ના સમયમાં દરેક મુસલમાન પોતાના વખતના હથિયારોનો જેહાદમા ખૂબ સારી રીતે ઉપયોગ કરી શકતા હતા.

**હિકમત ૧૧ :** સમજદાર મુજાહિદ નક્કી કરેલ નમાઝ અને ઈબાદત સિવાય, હંમેશા અલ્લાહતઆલાના બરકતવંતા ઝીકરમાં પરોવાયેલો રહે છે, કે જેથી શૈતાન પોતાના વસવસાના સંબંધે તેના દીલમાં ખોટો ભય ન નાખી શકે. જો ખુદાએ જલીલો જબ્બારની હિકમત સભર યાદ સતત અને પૂરેપૂરી છે, તો તે એક નૂરનું ઝરણું છે કે જેનાથી અગણિત ધારાઓ-કિરણો નીકળે છે, જેમાંથી કોઈ કિરણ આનંદ અને ખુશીની છે, કોઈ સદ્બુદ્ધિ અને હિદાયતની છે, કોઈ ઈલ્મો-હિકમતની છે, કોઈ ઈબાદતના શોખની છે, કોઈ દીની મહોબ્બત કોઈ શહીદ થવાના શોખની છે વિગેરે.

**હિકમત ૧૨ :** મુજાહિદોના માટે યુદ્ધમાં સામસામા થઈ જવું કે યુદ્ધનું મેદાન એ રહેમતનું સાધન હોય છે, કેમકે માણસનો નફસે અમ્મારા (મન) પોતાની માથું ઊંચકવાની હઠ કરવાથી કયારેય ચૂકતો નથી, સિવાય કે જેહાદના મેદાન જેવી સ્થિતિમાં, અને તેથી જ પયગમ્બરે અકરમ (સ.અ.સ.) કોઈ જેહાદથી પાછા વળતાં તેમના અસહાબોને ફરમાવ્યું હતું કે આપણે નાના જેહાદથી (ફારેગ થયા છીએ) હવે મોટી જેહાદના તરફ પાછા ફરી રહ્યા છીએ, એટલે કે નફસે અમ્મારાની વિરૂદ્ધ લડવું એ જેહાદે અકબર છે, એનો અર્થ એ થયો

કે નફસની જેહાદના માટે મોટી સરળતા શારીરિક જેહાદ પછીની તરતની સ્થિતિમાં જ શકય છે અને જો આ તકનો લાભ ન ઉપાડી શકાયો અને વખત વીતી ગયો તો પછી મુશ્કેલ છે.

**હિકમત ૧૩ :** આ પુસ્તકમાં વ્યાજબી રીતે જેહાદ, મુજાહિદ અને લડાઈના મેદાન વિષે ઈસ્લામી હિદાયતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને આ વાતો વખાણને પાત્ર છે. કેમ ન હોય, જયારે કે દરેક વાત કુરાને હકીમ અને હદીસ શરીફના પ્રકાશમાં કહેવામાં આવી છે. અને જયારે કે જેહાદ ઈસ્લામનો એક મહત્ત્વનો પાયો છે.

**હિકમત ૧૪ :** એક સાથે તલવાર અને કલમ જેવી દુનિયાની બે સરદાર વસ્તુઓની સંપૂર્ણ કૂશળતા પ્રાપ્ત કરવી દરેક માણસના વશમાં નથી, પરંતુ આ મામલામાં મેજર જનરલ ફઝલે ગફૂર સાહેબ અને તેમના સાથી ઓફીસરો મુબારકબાદને પાત્ર અને માનને લાયક છે, તેમણે અલ્લાહની રહેમત અને મહેરબાનીથી એક એવું ઈલ્મી કાર્ય પૂરૂં કર્યુ છે કે જે આપણા પ્યારા પાકીસ્તાનના નામીચા સૈન્યના માટે માર્ગદર્શક સાબિત થઈ શકે છે.

હિકમત ૧૫ : કુરાને કરીમમાં બઝુર્ગ અને બરકતવંતા ખુદાનો કોઈ એવો વાયદો મોજૂદ નથી કે જેના સંબંધે આપણે એમ સમજી બેસીએ કે અજ્ઞાનતા, બેઈલ્મી અને ફિર્કાવાદ છતાં આપણે દુનિયા ઉપર વિજયી બનતા ચાલ્યા જઈશું. બલ્કે હકીકત એ છે કે અલ્લાહ પાકનો દરેક વાયદો ઈલ્મ અને અમલની શરત સાથે છે અને તે બારામાં જે કંઈ ફરમાવેલું છે, તેમાં કોઈ અનોખી અને નીરાળી વાત નથી, દાખલા તરીકે જો લડાઈના મેદાનમાં આકાશી એટલે કે સ્વર્ગીય મદદ માટેની શરત તકવા (પરહેઝગારી) અને સબર (ધીરજ) છે તો એ કોઈ નવી શરત નથી, જયારે કે તે તો દરેક મોમનના વાણી

અને વર્તનની જાન છે.

**હિકમત ૧૬ :** દરેક મહાન અને સંપૂર્ણ વસ્તુનું અસ્તિત્વ એ સ્થિતિમાં કાયમ અને બાકી રહી શકે છે જ્યારે કે તે સંપૂર્ણ, પૂરેપૂરી, એક માત્ર અને વણ તૂટેલી હોય, વહેંચાઇ ન જાય, તૂટી ન જાય અને તેના ભાગો (પાર્ટસ) અલગ અલગ ન થઇ જાય, અને મુસ્લમાનો અત્યારે તો ફિર્કા-ફિર્કા તો થઇ ચૂકયા છે પણ તેમ છતાં તેનો ઇલાજ બાકી છે અને તે એ કે આપણે એક એવા મહાન વૃક્ષની જેમ એકત્રિત અને એકમત થઇ જઇએ કે જેની ઘણી બધી ડાળીઓ (શાખાઓ) હોય છે. વૃક્ષની શાખાઓ અલગ અલગ તો છે પણ એકબીજાથી કપાયલી નથી જોડાયેલી છે અને ઇસ્લામી વૃક્ષની એ જ શાન ખૂબ મહાન છે.

**હિકમત ૧૭ :** કેટલી મોટી ભૂલ અને નાદાની થઇ ગઇ કે આપણે આસમાની પુસ્તક (કુરાન)ની હિદાયતોની અનુપમ હિકમતોમાં સમયસર ધ્યાન ન આપ્યું, જેના કારણે આપણે વિજ્ઞાન, ટેકનોલોજી અને ભૌતિક પ્રગતીમાં બીજાઓથી ઘણાં પાછળ રહી ગયા. જો કે અલ્લાહનાં હિકમત ભરપૂર પુસ્તકના ઇલ્મી ઇશારાઓમાં સર્વ કાંઇ મોજૂદ છે. જેમકે ફરમાવેલું છે કે "વ નઝ્લના અલૈકલ કિતાબ તિબ્યાનન લી કુલ્લી શૈય્યીન" અને અમોએ તારા ઉપર આ પુસ્તક (કુરાન) ઉતાર્યું છે તેમાં દરેક વસ્તુનું સવીસ્તાર વર્ણન છે. (૧૬/૮૯).

**હિકમત ૧૮ :** આ વાતથી કદાચ કોઇને આશ્ચર્ય અને તાજ્જુબી થાય કે કુરાને કરીમમાં બીજાં ઘણા ઇલ્મોની સાથે ઇશારાઓનું ઇલ્મ પણ મોજૂદ છે કેમકે ઇશારો મહાન ખુદા આગળ એક મનગમતી વસ્તુ છે. અને શબ્દ 'ઇશારો' વહી ના જેવો જ અર્થ ધરાવે છે, એનો એક દાખલો તપાસવા માટે આપણે સુરહ અન્ફાલમાં

જોઈએ છીએ. ફરમાવેલું છે કે "અને તમો તે કુફફાર (નાસ્તિકો)ના (મુકાબલા) માટે જેટલી હદે તમારાથી થઇ શકે તેટલું બળ અને બાંધેલા ઘોડા સહીત તૈયારી કરી રાખો." (૮/૬૦). અહીં શબ્દ "બળ" (શક્તિ) એક અમર્યાદ ઈશારો છે જેમાં દરેક ઝમાનાની સઘળી લડાયક શક્તિનો ઉલ્લેખ છે.

**હિકમત ૧૯ :** શું કુરાને મજીદમાં તાબે કરવાનો વિષય નથી ? (૪૫/૧૩, ૩૧/૨૦, ૨૨/૬૫) જો છે તો તેનો સંબંધ કયા લોકોથી છે ? અને કુરાને અઝીમનું સંબોધન કઈ કોમને થયું ? શું આ વિષયનું વર્ણન એવું નથી કે અલ્લાહતઆલાએ પોતાની અતી ઘણી રહેમત થકી અને પોતાના મહેબૂબ રસુલ (સ.અ.સ.)ને કારણે મુસલમાનોના માટે કાયનાતની સઘળી વસ્તુઓ તેઓની શક્તિની મર્યાદામાં તેમના તાબે કરી દીધી છે ? પછી એનું શું કારણ છે કે અલ્લાહની આ ભૌતિક ન્યામતો પારકાઓ (જેઓ મુસલમાન નથી તેઓ)ની પાસે છે અને અમો તેઓના આશ્રય હેઠળ છીએ ?

**હિકમત ૨૦ :** દીનની આજ્ઞાઓને પૂરી કરવાનો સૌથી ઊચ્ચ હેતૂ પરવરદીગારે આલમની ખુશી મેળવવાનો જ છે, જેમાં દીન અને દુનિયાની આબાદી અને સફળતા સમાયેલી છે, એ સિવાય દરેક હુકમનું પાલન કરવામાં ઘણાં ગૌણ એટલે કે નાના ફાયદાઓ પણ છે. દાખલા તરીકે જો નમાઝ હકીકી અર્થમાં અદા કરવામાં આવે તો તેનું ત્વરિત ફળ એ મળે છે કે એવો નમાઝી દરેક પ્રકારની બેશરમી અને બુરાઈઓ (ખરાબીઓ)થી સુરક્ષિત રહે છે (૨૯/૪૫) અને (ઉપવાસ) રોઝો તેની રૂહની સાથે રાખવાથી (તેની અસલ લાગણી સહિત રાખવાથી) મોમીનની અંદર તકવા (પરહેઝગારી)નો ગૂણ પેદા થઇ જાય છે. (૨/૧૮૩). હવે જો આવો મુજાહિદ મોમીન લડાઈના

મેદાનમાં જાય છે તો એ ખાત્રીપૂર્વકની વાત છે કે ખુદાના હુકમથી ફરીશ્તાઓ તેની મદદ કરશે અને જો ખુદાની એ મરજી છે કે તે શહીદ થઇ જાય તો પછી પણ ફરીશ્તાઓ તેની સાથે હશે (૪૧/૩૦).

**હિકમત ૨૧ :** ઝમાનો-વખત ખૂબ જ ઝડપથી બદલાઇ રહ્યો છે. દુનિયાની મોટી મોટી કોમો એકબીજાથી (આપસમાં) મળીને એક થઇ રહી છે, જો કે તેઓની પાસે કોઇ એવું આસમાની પુસ્તક સચવાયેલું કે મોજૂદ નથી જેવું કે આપણી પાસે કુરાને અઝીમ છે, પરંતુ અફસોસની વાત છે કે આપણે દેશની એકતા અને સલામતીની અગણિત ન્યામતોને ગુમાવી દઇને ફિર્કાવાદના ફિત્નાને વધારવાનું કામ કરી રહ્યા છીએ. આ ખૂબ જ મોટી સમૂહગત ના ફરમાની છે.

**હિકમત ૨૨ :** ઇસ્લામ મઝહબની સઘળી વાણી અને વર્તનમય ઇબાદતોના સારનું (તેના અંશનું) નામ તકવા (પરહેઝગારી) છે અને તકવાનો અર્થ છે ખુદાનો ડર, પહેઝગારી, પવીત્રતા અને પોતાની જાતને ગુનાહોથી બચાવવી અને કુરાને હકીમે ખુદાના ડર (તકવા)ને ખાસ ઇલ્મ સાથે મેળવીને (૩૫/૨૮) તેને મહાનતા-બુઝુર્ગીનું ઊચ્ચ ધોરણ ગણાવ્યું છે (૪૯/૧૩). એમાં કોઇ શંકા નથી કે તકવાના અર્થમાં અંબીયા અને ઔલીયાઓના ગૂણો તથા કમાલીયતના સારનો ઉલ્લેખ છે કેમકે અસલમાં આ ગૂણ તેવણ માનવંતોનો જ ખાસ ગૂણ છે અને એજ પવીત્ર હસ્તીઓ થકી તેનો ફાયદો ઇમાનવાળાઓને મળતો રહે છે.

**હિકમત ૨૩ :** જે રીતે દરેક સફળ અને પ્રખ્યાત સૈન્ય પોતાની લડાઇની પ્રેકટીસ અથવા કસરતો ખરેખરી લડાઇથી પહેલાં જ પૂર્ણ કરી લ્યે છે અને એટલેથી જ સંતોષ નથી માની લેતું પણ તેને ચાલુ રાખે છે એ જ રીતે ખુદાના મુજાહિદોના માટે આ અમલ-આ

કાર્ય અતીશય જરૂરી છે કે તેઓ હંમેશા પોતાની સઘળી ઈબાદતોને ઈસ્લામની આત્મા મુજબ એટલે કે ખરો ભાવાર્થ સમજીને પૂરી કરે કે જેથી લડાઈના મેદાનમાં તેની દુઆ કબૂલ થાય અને સ્વર્ગીય મદદ અને સહાય તેમની સાથે રહે.

**હિકમત ૨૪ :** ખુદાનું ફરમાન છે કે "અય ઈમાનવાળાઓ તમો સબર એટલે કે ધીરજ અને નમાઝ દ્વારા (ખુદાની) મદદ માંગો" (૨/૧૫૬). પણ અત્રે એ જાણવું ઘણું જ જરૂરી છે કે ધીરજ જેવો ઉચ્ચ ગુણ એક દિવસમાં પેદા નથી થઈ શકતો અને ન તો જે નમાઝનો અહીં ઉલ્લેખ છે તે નમાઝ ગાફેલ લોકોની હોઈ શકે છે, જેના વિષે ફરમાવેલું છે "તે નમાઝીઓના માટે તબાહી (બરબાદી) છે કે જેઓ પોતાની નમાઝથી ગાફેલ રહે છે (એટલે કે તેઓ નમાઝ તો પઢતા રહે છે, પણ તે તેમના આત્માના–તેમના દીલના ઊંડાણમાં નથી ઉતરતી કેમકે તેઓમાં આજીઝી એટલે કે નમ્રતા અને ખુદાનો ડર નથી).

**હિકમત ૨૫ :** ઈસ્લામ સર્વજગતનો એટલે કે સર્વવ્યાપક ધર્મ છે અને તેથી તે કુદરતી ધર્મ કહેવાય છે બલ્કે 'કુદરત' શબ્દ પોતે જ આ ધર્મના નામોમાંથી છે, જેમકે હઝરત નબી સાહેબ (સ.અ.સ.)નું ફરમાન છે "કુલ્લુ મૌલુદ યુલદ અલા અલફિતરત..." દરેક બાળક ઈસ્લામ ઉપર પેદા થઈ જાય છે..." જ્ઞાનીઓના માટે આ વાત હરગીઝ નાનકડી કે મામૂલી નથી પણ મોટી ક્રાંતિકારી છે કે દુનિયાભરના નવજન્મિત બચ્ચાઓ જન્મતાં જ મુસલમાન હોય છે પણ તેમાંથી મોટા ભાગના બાળકો માવિત્રોના લીધે બીજાં ધર્મોમાં ચાલી જાય છે. પયગમ્બરે અકરમ (સ.અ.સ.)ના આ મુબારક ફરમાનમાં ખૂબ જ મોટી અને અજાયબી વાળી હિકમતો છુપાયેલી છે.

**હિકમત ૨૬ :** આપણા બહાદૂર અને પ્રખ્યાત મુજાહિદોના માટે એક ખાસ ધ્યાન ખેંચવા જેવો મુદ્દો એ પણ છે કે તે અલ્લાહ

તઆલાની અગણિત રહેમતો અને મહેરબાનીઓથી લડાઈના મેદાનમાં બે ભલાઈઓમાંથી એક કરનારા છે, તે છે ફતેહ એટલે કે જીત અથવા શહાદત, અને આ વ્યવસ્થા કુરાને પાક (૯/૫૨)માં "ઈહ્દીઅલ હુસ્નૈન-(બે ભલાઈઓમાંથી એક) જણાવેલી છે અને આ ખૂબ જ મોટું સદ્‌ભાગ્ય ફક્ત ઈમાનવાળાઓને જ નસીબ થાય છે.

**હિકમત ૨૭** : ખુદાવંદતઆલા હકીકી બાદશાહ છે અને આપણે સઘળા તેના પૂજારી, ગુલામ અને બંદા છીએ, અલ્લાહની ઈબાદત, ગુલામી અને બંદગી અસલમાં એક જ વસ્તુ છે. તેમ છતાં ઉર્દુ સાહીત્ય મુજબ ગુલામી એ વધારે સમજમાં આવનાર બાબત છે. અને અત્રે એ બાબતને સામે રાખીને આપણે થોડીવાર માટે ઈબાદતને અલ્લાહની ગુલામી કહીશું. ઈસ્લામ મઝહબમાં નીય્યત, વાણી અને વર્તનના વિષે આપણે ખુદાની ગુલામી કરવાને માટે બંધાયેલા છીએ. હવે આપણે સવાલ કરીએ છીએ કે હકીકી બાદશાહની નજરમાં પોતાના ગુલામોની કઈ ગુલામી વધુથી વધુ પસંદ છે ? કુરાને કરીમ અને હદીસે શરીફના પ્રકાશમાં આનો જવાબ ઘણો જ સરળ છે, તે એમ છે કે જે ગુલામી સૌથી વધુ મુશ્કેલ હોય, અને જેમાં મુસલમાનોનો એકંદર ફાયદો હોય તે જ ગુલામી અલ્લાહને વધુ પસંદ છે. આ ઉપરથી સ્પષ્ટ છે કે મુજાહિદો સૌથી મોટી ઈબાદતમાં પરોવાયેલા છે અને પ્રત્યેક તે માણસ પણ એવી જ ઈબાદત કરે છે કે જે હકીકી અર્થમાં કોમનો ખાદીમ એટલે કે ગુલામ છે.

**હિકમત ૨૮** : અલ્લાહ તબારક વ તઆલા કયારેય કોઈ વસ્તુનો મોહતાજ નથી, પણ તેની રહેમત અને નવાઝીશની શાન કેટલી અનોખી અને નિરાળી છે કે તે આપણને જાન અને માલ અર્પણ કરી દયે છે. પછી આ મહાન ઉપકાર ઉપર અતી મહાન ઉપકાર કરતા

ISW Institute for Spiritual Wisdom Luminous Science Knowledge for a united humanity

ફરમાવે છે કે "ચોક્કસપણે અલ્લાહે મોમીનોથી તેમની જાન અને તેમના માલને બહેશ્તની કિંમતે એટલે કે બહેશ્ત આપીને ખરીદી લીધા" (૯/૧૧૧). પછી તેના નવાઝવાનું (અલ્લાહની ઈનાયતનું) શું કહેવું કે અલ્લાહનો કરેલો વાયદો જેહાદના દિવસ સુધી મોમીનોની જ પાસે અમાનત તરીકે રહે છે, કે જેથી તે (મોમીન) તેનાથી ફાયદો ઉપાડતો રહે. અત્રે એક દીલનશીન મુદ્દો એ છે કે જો જેહાદના વધુ પડતા કુરાની ફાયદાઓ હિકમતના ઈશારાઓમાં ન હોત, અને દરેક માણસ તેને સમજી શકતે તો કોઇ પણ મોમીન બિમારીના બિસ્તરા ઉપર મરવાનું પસંદ ન કરતે. તે પોતાની શહાદતનાં લોહીથી રંગીન થવાને અલ્લાહના રંગમાં રંગાઇ જવું (૨/૧૩૮) ગણાવતે.

**હિકમત ૨૯ :** દુનિયાના પ્રખ્યાત ખેલાડીઓ અને મશ્હુર પહેલવાનોને જોઇને કોઇ માણસ દીલમાં જ એમ કહેતો હશે કે કદાચ હું પણ એના જેવો હોત ! પણ આ દુનિયાની ખ્યાતીની કોઈ મહત્ત્વતા નથી. જો કોઇ મોમીન સીપાઇ પ્રકાર પ્રકારના પુરુષાતનભર્યા ખેલો વડે પોતાને જેહાદમાં સખ્તી સહન કરવાનો આદી બનાવી લ્યે છે તો તે પણ ઈબાદત છે. આમ તો ખેલ અને પહેલવાની ફક્ત દુનિયાનો એક તમાશો છે અને દીન-મઝહબની દ્રષ્ટિમાં તે કોઇ બહાદૂરી નથી. શુજાઅત, દીલેરી, બહાદૂરી અને મર્દાનગી જેહાદના મેદાનમાં જાહેર થાય છે, તેના માટે સૈન્યોના માન-ચાંદ ઊચ્ચ નીશાન નક્કી કરેલાં છે અને તેમાંથી ઊચ્ચત્તમ નીશાન "નીશાને હૈદર" છે.

**હિકમત ૩૦ :** ઈન્સાને કામીલ (પરીપૂર્ણ માનવી)માં ચાર રૂહો છે, ચોથી રૂહનું નામ રૂહે મુકદ્દસ (પવીત્ર રૂહ) છે, બાકી માનવીઓમાં ત્રણ છે, જેમના નામો આમ છે. રૂહે નબાતી (વનસ્પતીની રૂહ) રૂહે હૈવાની (જાનવરની રૂહ) અને રૂહે ઈન્સાની.

હવે એક ઘણોજ રસિક અને ફાયદામંદ સવાલ કરવો પડશે. બતાવો કે ખોફ એટલે ભય, એ આ ત્રણમાંથી કઇ રૂહની ખાસીયત છે ? અને ગુસ્સો કઇ રૂહની ? એનો સ્પષ્ટ જવાબ આમ દેવામાં આવશે, કે આપણે વૃક્ષ, જાનવર અને માનવી ઉપર દ્રષ્ટિ નાખીને તપાસ કરીએ છીએ તો તેમાં આપણને ખબર પડે છે કે ભય અને ગુસ્સો વૃક્ષમાં નથી, જ્યારે જનાવર ઉપર આવીએ છીએ તો આ બેઉ ખાસીયતો તેમાંજ જોવા મળે છે. એનો અર્થ એ થયો કે ભય અને ગુસ્સાનું સ્થાન ન તો વનસ્પતીની રૂહમાં છે અને ન તો ઈન્સાની રૂહમાં પણ આ જાનવરની રૂહમાં મૌજૂદ છે. હવે જે સવાલ કરવામાં આવ્યો હતો તેનો જવાબ મળી ગયો અને સાથે જ એ પણ જણાઇ ગયું કે બિમારીનું મૂળ કયાં છે.

**હિકમત ૩૧ :** ભય, કે જે આપણી હેવાની રૂહમાં છે, તેને સંપૂર્ણ વિલીન કરી દેવું એટલે તેનો પૂરેપૂરી રીતે ખાત્મો કરી દેવો ન તો ઉચિત બાબત છે અને ન તો શકય, બલ્કે તેને કુરાન અને ઈસ્લામના લાહુત (દીવ્ય) નુસ્ખા એટલે કે સ્વર્ગીય પ્રીસ્કીપશનની અસર હેઠળ નકામા ભયથી ખુદાંનો ભય બનાવવો જોઇએ અને એ વાત અશકય નથી. એ જ ઈલાજના માટે ફરમાવવામાં આવ્યું છે કે "ઈલ્લા બી ઝીકીલ્લાહી તત્મીન્નુલ કુલૂબ" (૧૩/૨૮) યાદ રાખો કે ખુદાની યાદ (ખુદાના જ ઝીકર)થી દીલોને-આત્માને શાંતિ મળે છે. માનવીના દીલમાં-હૃદયમાં ઘણી નીતી અથવા ચારીત્રની અને રૂહાની બિમારીઓ થાય છે, તે સઘળાનો ઈલાજ અલ્લાહની યાદમાં છે, જેનો કમ હંમેશા ચાલતો રહેવો જોઇએ, ત્યારે જ દીલ નકામા ભય અને અન્ય સઘળી નબળાઇઓથી પાક સાફ થઈને અલ્લાહતઆલાની હિદાયત તથા સદ્બુદ્ધિના પ્રકાશ વડે પ્રકાશિત થઇ જશે. તમો તમારી

દીની અને દુન્યવી ફરજોની સાથે સાથે ખૂબ વધારે ઝીકરનો લાંબો ક્રમ ચાલુ કરીને જુઓ, ઈન્શાઅલ્લાહ જેટલી આશા હશે તેથી પણ વધુ સફળતા મળશે.

**હિકમત ૩૨ :** શું કોઈ મિત્ર એવો ખયાલ કરશે કે હું અત્રે જેહાદના વિષય પરથી હટીને વાત કરી રહ્યો છું ? એવું હરગીઝ નથી, પણ આ એક વધુ ફાયદામંદ પ્રસ્તાવ છે કે મારાં ત્રણ પુસ્તકોનો અભ્યાસ કરવામાં આવે, કે જે કુરાની ઈલાજ, ઈલ્મી ઈલાજ અને રૂહાની ઈલાજના નામથી છે. આ પ્રસ્તાવ એ માટે છે કે આ પુસ્તકોમાં મારી પૂરી જીંદગીના ખાસ ખાસ અનુભવો નામ લીધા વગર ઉલ્લેખાયેલાં છે અને તે (પુસ્તક) ખુદાના ફઝલો કરમથી પૂર્વ અને પશ્ચિમમાં ફેલાઈ રહ્યા છે.

**હિકમત ૩૩ :** જો થઈ શકે તો તમો કુરાને હકીમને હિકમત સાથે વાંચો, કેમકે તમોને ખબર છે કે સરવરે અંબીયા સલલ્લાહુ અલૈહી વ આલેહી વસલ્લમે ફરમાવ્યું છે કે "હિકમત મોમીનની ખોવાઈ ગયેલી વસ્તુ છે." માટે દરેક મોમીનનું ડહાપણ એમાં છે કે વિચાર અને ફિકર સહીત કુરાની હિકમતની શોધમાં લાગ્યો રહે. કુરાને પાકમાં હિકમતના વખાણ આ પ્રમાણે ફરમાવેલાં છે "અને જેને (અલ્લાહના તરફથી) હિકમત અર્પવામાં આવી, તો ખરેખર તેને ખૂબીઓની મહાન દૌલત હાથ આવી ગઈ" (૨/૨૬૯).

**હિકમત ૩૪ :** આથી પહેલાં અમોએ એ સવાલ ઉઠાવ્યો હતો કે ભય અને ગુસ્સો ઈન્સાનની કઈ રૂહમાં છે ? હવે અમો એક વધુ ફાયદામંદ સવાલ કરીએ છીએ. તો બતાવો કે દુઃખ અને તકલીફ (અનુભવવી) કઈ રૂહની ખાસીયત છે ? કેમકે અમો ઈચ્છીએ છીએ કે અમોને લડાઈમાં કોઈ ભય ન હોય, અને જો અમો જખ્મી થઈ

જઈએ છીએ તો દુઃખ-તકલીફ ન થાય અથવા ઓછામાં ઓછા હોય, તો આ સવાલનો જવાબ એ છે કે દુઃખની લાગણી પણ હેવાની રૂહમાં હોય છે અને તેનો ઈલાજ પણ વધુ પડતા ઝીકરમાં જ છે, એટલે કે અમારી આદત એવી હોય કે અમો ખુદાને ખૂબ વધારે યાદ કરીએ, કે જેથી (યાદમાં) ડૂબી જવા અને ફના થઈ જવાનું કોઈ સ્થાન પ્રાપ્ત થાય, જેની બરકતથી દુઃખ, તકલીફ અંત પામી જાય અથવા ઓછી થઈ જાય.

**હિકમત ૩૫ :** સુફીઓની ફના થઈ જવાની કલ્પના હકીકતના તરફ જવાને માટે પુલનું કામ દઈ રહી છે, તે એ રીતે કે ફના ફીલ શેખ/ફીલ મુર્શીદ/ફીલ ઈમામ પછી ફના ફીલ રસુલ એટલે કે રસુલ (સ.અ.સ.)માં ફના થઈ જવું અને છેવટે ફનાફિલ્લાહ અને બકા બિલ્લાહ. હું સમજું છું કે રૂહાની રસ્તાનો મુસાફર જે શેખ અથવા મુર્શીદ અથવા ઈમામમાં ફના થઈ જાય છે તે રૂહાનીયતનો અસામાન્ય (ખાસ પ્રકારનો) અનુભવ અને જ્ઞાન ધરાવતો હશે, નહીં તો એવો ફના થઈ જવાનો શો અર્થ થઈ શકે છે.

**હિકમત ૩૬ :** ફના ફક્ત આખરતમાં પ્રાપ્ત થાય છે કે દુનિયામાં પણ ? જવાબ માટે આ હદીસે કુદસીમાં ધ્યાનથી જુઓ "અને મારો બંદો હંમેશા નવાફીલ (વધારાની ઈબાદત) મારફત મારી નજદીકી પ્રાપ્ત કરે છે. એટલે સુધી કે હું તેનાથી મહોબત કરવા લાગું છું, અને જ્યારે હું તેનાથી મહોબત કરૂં છું, તો હું તેના કાન બની જાઉં છું જેનાથી તે સાંભળે છે અને આંખો બની જાઉં છું જેનાથી તે જુએ છે અને તેના હાથ બની જાઉં છું જેનાથી તે પકડે છે અને તેના પગ બની જાઉં છું જેનાથી તે ચાલે છે." (હદીસ સહી બુખારી, ત્રીજો ભાગ કિતાબે રીકાક) આ હદીસે કુદસીમાં ઘણી ચાવીરૂપી

સમસ્યાઓના જવાબો રહેલાં છે.

**હિકમત ૩૭ :** હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.)નું ફરમાન છે કે "જન્નતમાં પહોંચ્યા પછી કોઈ પણ માનવી દુનિયામાં પાછા ફરવાનું પસંદ નથી કરતો કેમકે ધરતી ઉપર તેનું કંઈ નથી રહી જતું. પણ શહીદ જ્યારે શહાદતના ઈનામોને જુએ છે તો એ ઈચ્છા કરવા લાગે છે કે કદાચ તેને દુનિયામાં પાછો ફરવા દેવામાં આવે અને તે દશ વાર કતલ થાય એટલે કે શહીદ થાય." (ગુલીસ્તાને હદીસ, પાના નંબર ૨૮).

**હિકમત ૩૮ :** શહીદ શારીરિક રીતે કતલ તો થઈ જાય છે પણ રૂહાની રીતે નથી મરતો, કેમકે જેહાદે અસગર અને જેહાદે અકબરના શહીદોની રૂહો હઝરતે રબ્બુલ ઈઝઝતના નૂરના મૂળમાં પ્રથમથી જ જીવંત છે. તેઓને ત્યાં બહેશ્તમાં અકલી, રૂહાની અને સુક્ષ્મ શરીર રૂપી ન્યામતો મળી રહી છે. તેઓ આ અનુપમ ન્યામતોથી અતીશય આનંદિત છે, તેમના કારણે તેમની પાછળ જીવતા રહેનાર તેમના વંશજો અને બીજાઓ ઉપર જે રીતે અલ્લાહ મહેરબાન થઈ રહ્યો છે તેનાથી પણ તેઓ ફૂલ્યા નથી સમાતા.

**હિકમત ૩૯ :** સુરહ માયદા (૫/૨૭થી ૩૨)માં હાબીલ અને કાબીલનો કીસ્સો ધ્યાનથી વાંચો અને તે હિકમતને જાણવા માટે પ્રયત્ન કરો કે જેણે એક માણસને નાહક કતલ કર્યો તેણે જાણે કે સઘળા લોકોને કતલ કર્યા અને જેણે એક શખ્સને જીવતો કર્યો (જીવ બચાવ્યો અથવા ઈલ્મી પ્રકારે જીવતો કર્યો) તો તેણે જાણે કે સઘળા લોકોને જીવતા કર્યા. હ. આદમ (અ.સ.) પોતાના સમયમાં એક વ્યક્તિ હતા પરંતુ આજે તેવણ પોતાના વંશજોને લીધે દુનિયાભરમાં ફેલાઈ ગયા. જો હાબીલને કતલ ન કરવામાં આવ્યો હોત

તો તે પણ આજે આદમની જેમ એક વ્યક્તિથી અસંખ્ય વ્યક્તિઓ બની જાતે, તો કાબીલે એકલા હાબીલને કતલ નહોતો કર્યો પણ એક ઈન્સાનીયતની દુનિયાને મારી નાખી કે જે તેનાથી પેદા થવાની હતી તે મુજબ જો આપણા સરફરોશ (બહાદૂર) મુજાહીદો દેશ અને ઈલાકાને દુશ્મનના હુમલાથી બચાવે છે, તો તેઓ જાણે કે દરેક મુસલમાનના વ્યક્તિગત જગતમાંથી આવનાર અગણીત નસલો (વંશ)ને જીવંત કરે છે. આજ કારણ છે કે કુરાન અને હદીસમાં જેહાદના આટલા મોટા ફાયદાઓ વર્ણવેલાં છે.

**હિકમત ૪૦ :** અતીશય નમ્રતાપૂર્વક દુઆ છે કે સર્વજ્ઞાની અને સર્વવ્યાપક પરવરદીગાર ઈસ્લામી જગતને સ્વર્ગીય પ્રેરણા અને અનંત સફળતા (ફતેહ)ની લાઝવાલ દૌલતથી માલામાલ કરી દયે ! રબ્બુલ ઈઝઝત જગતભરના મુસલમાનોને સીધા રસ્તા (સીરાતે મુસ્તકીમ) ઉપર એક કરી દયે ! અને ઈસ્લામી સૈન્યને દરેક સ્થાન ઉપર આસમાની મદદ અને સહાય નસીબ થાય ! આમીન.

**-નસીરૂદ્દીન નસીર હુંઝાઈ**
ગુરુવાર ૨૭ ઝીલકાદ ૧૪૧૩-૨૦મી મે ૧૯૯૩

ગુજરાતી અનુવાદ : ૨૨મી મે ૧૯૯૫

خانه حکمت